# આસપાસ ચોપાસ



## બોઇદરા પ્રાથમિક શાળામાં ધો.૬થી ૮માં બાળકો પ્રોજેક્ટરથી અભ્યાસ કરે છે, ધો.૧થી ૪માં LED TV દ્વારા અભ્યાસ થકી જ્ઞાનશક્તિનો વધારો



## મોનાલી વસાવાએ ધો.૧૨ કોમર્સમાં નામ રોશન કર્યું



બોઈદરાના આદિવાસી સમાજની ૧૯ વર્ષની દીકરી મોનાલીબેન ભૂપેન્દ્રભાઈ વસાવાએ ત્રણ વર્ષ પહેલાં ધો.૧૨ કોમર્સમાં સૌથી વધારે ટકા મેળવ્યા હતા. બોઈદરામાં દુકાન ચલાવતા ભૂપેન્દ્રભાઈ વસાવાની દીકરી મોનાલીએ ધો.૧થી ૧૨ કોમર્સ સુધીનો અભ્યાસ અંકલેશ્વરની પ્રિયદર્શની હાઈસ્કૂલમાં કર્યો હતો. માદરે વતનથી અંકલેશ્વર લગભગ ૧૦ કિલોમીટર દૂર હોવાથી થોડું કપરું ખરું, પણ મોનાલીએ હિંમત હારી ન હતી. પોતાના ઘરેથી જ અપડાઉન કરી બોર્ડની પરીક્ષા માટે ટ્યુશન અને ક્લાસિસ કર્યા. જો ટ્યુશન કે સ્કૂલ ન હોય તો રોજના ૧૧ કલાક વાંચન અને જો ટ્યુશન-સ્કૂલ ચાલુ હોય તો ૮ કલાક વાંચન એ નિત્યક્રમ હતો. સ્કૂલના સંચાલકોને પણ દ્રઢ વિશ્વાસ કે મોનાલી સારા ટકા લાવશે. વર્ષ-૨૦૨૦-૨૧માં ધો-૧૨ કોમર્સ પરીક્ષાનું પરિણામ આવતાં મોનાલીએ જોયેલાં સપનાં સાકાર થયાં. ધો.૧૨ કોમર્સમાં મોનાલીના ૮૭.૯૬ ટકા આવ્યા અને PR-૯૮.૮૦ મેળવ્યા. તેણે આખા ભરૂચ જિલ્લામાં આદિવાસી સમાજમાં સૌથી વધારે માર્ક્સ મેળવ્યા. જે આખા આદિવાસી સમાજ માટે ગૌરવરૂપ ઘટના કહેવાય. એ માટે તા.૯ ઓગસ્ટ-૨૦૨૧ના રોજ વિશ્વ આદિવાસી દિવસે ભરૂચ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં કલેક્ટર તુષાર સુમેરાની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારે મોનાલીને વાલિયા ખાતે પ્રશસ્તિપત્ર એનાયત કર્યું હતું. તેમજ રૂ.૬૦૦૦ના રોકડ પુરસ્કાર માટે ચેક આપવામાં આવ્યો હતો. aઆજે મોનાલી ભરૂચની નર્મદા કોલેજમાં બીકોમનો અભ્યાસ કરે છે. ગ્રેજ્યુએશન પૂરું થયા બાદ મોનાલી વસાવાને આગળ શું કરવા ઇચ્છે છે એવું પૂછતાં તે કહે છે કે બીકોમના અભ્યાસ બાદ મારે PSI થવું છે. પોલીસ વિભાગમાં કામ કરીને ગામના ઉત્થાનમાં સહભાગી બનવાનો પ્રયાસ કરીશ.

## બોઈદરા ગામનું દર્પણ

૧) ગામની વસતી-૨૨૦૦
૨) કુલ ઘર-૪૮૭
૩) વસતી-વસાવા, રાજપૂત, કડવા પાટીદાર, રાઠોડ, ઓડ, હરિજન, આહીર
૪) શિક્ષિત-૭૫ ટકા
૫) અશિક્ષિત-૨૫ ટકા
૬) પશુધન- ભેંસ-૪૦૦
ગાય-૪૦
બકરાં-૨૦૦
7) ગામના કુલ ખાતેદાર-૪૨૩
8) ગામનાં ફળિયાં-આદિવાસી ફળિયું, રાજપૂત ફળિયું, પટેલ ફળિયું, ઉગમણું ફળિયું, કોઠી ફળિયું, રાઠોડવાસ, ઇન્દિરા આવાસ, ઓડ ફળિયું, નિશાળ ફળિયું, કુલીનગર અને હરિજનવાસ
૮)બોઈદરા ગ્રામ પંચાયતની સત્તા વહીવટદારને હવાલે

## ગામનાં ધાર્મિક સ્થળો

» નીલકંઠેશ્વર મહાદેવ મંદિર
» દૂધેશ્વર મહાદેવ મંદિર
» ભાથીજી મંદિર
» બાપા સીતારામ મઢુલી
» વેરાઈ માતા મંદિર
» બળિયા બાપજી મંદિર
» મહાકાળી મંદિર
» ખત્રીદાદા મંદિર

## ગામમાં થયેલાં કામો

» RCC રોડ અને પેવર બ્લોક
» ગટર લાઈન
» સોલાર લાઈટ-૪૦ નંગ
» ATM આધારિત RO વોટર મશીન (ભરૂચ જિલ્લામાં ATM આધારિત RO મશીન ચાલુ કર્યું હતું. હાલમાં મેઇન્ટેનન્સના અભાવે બંધ છે)
» ચાર હેન્ડપંપ
» બે પાણીના સમ્પ

## ભવિષ્યના કામનું આયોજન

» કોમ્યુનિટી હોલ
» પ્રવેશદ્વાર
» મીઠા પાણીની વ્યવસ્થા
» ગેસ આધારિત પાઈપલાઈન
» CCTV કેમેરા
» સ્વચ્છતા માટે ડોર ટુ ડોર કલેક્શન પ્લાનિંગ



## વહીવટી ગૂંચમાં મામલો અટવાયો હતો, ત્યાં મહિપતસિંહ ચૌહાણે રોશનીની સુવિધા કરી

બોઈદરામાં ગ્રામ પંચાયતની બોડીની મુદત પૂરી થઇ ગઈ. આજે તેનો વહીવટ સરકારી તંત્રના ભરોસે છે. બોઈદરા ગામે ઇન્દિરા આવાસ વિસ્તારમાં હાલમાં લગભગ ૨૦થી વધુ સ્ટ્રીટ લાઈટ બંધ થઇ જતાં આખો વિસ્તાર અંધકારમયી હતો. ખાસ કરીને આ વિસ્તારમાં ઘણીવાર દીપડાનો ત્રાસ અને અગાઉ પણ ચોરીના ભારે ઉપદ્રવને લઈ ભય રહેતો હતો. અગાઉ પણ લાઈટો બંધ હોવાથી બે વખત ચોરી થઈ હતી. આ સ્થિતિમાં લોકોને મુશ્કેલી ન પડે એ માટે લાઈટો ચાલુ કરાવવા માટે લેખિતમાં અરજી આપી હતી. કોઈ નિવેડો ન આવ્યો. જેને લઈને હાલમાં બોઈદરાના જાગૃત નાગરિક મિતેશસિંહ પરમારે છેક મધ્ય ગુજરાતમાં આવેલા ખેડા જિલ્લાના લવાલ ગામના ખમતીધર યુવા નેતા મહિપતસિંહ ચૌહાણને ‘બાપુ બોલેગા’ કાર્યક્રમ હેઠળ સંપર્ક કર્યો. અને પોતાના ગામમાં સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી એક જાગૃત નાગરિક તરીકે પોતાની દ્વિધા વ્યક્ત કરી હતી. વધુમાં તલાટીનો નંબર મેળવીને મહિપતસિંહ ચૌહાણે સ્ટ્રીટ લાઈટના પ્રશ્ન બાબતે વાત કરી હતી. તલાટીએ ગામની સ્ટ્રીટ લાઈટ માટે ગ્રાન્ટોના પૈસાના અભાવની વાતો કરીને મનઘડંત જવાબો આપ્યા હતા. એ વખતે મહિપતસિંહ ચૌહાણ મૂળ પોતાના ગામમાં સરપંચ રહેલા હોવાથી પંચાયતધારાની શું રૂપરેખા હોય એ બરાબર જાણતા હોવાથી તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ‘ગોળા’ (બલ્બ) લાવવાના પૈસા માટે નાણાપંચની શું જરૂર હોય! આ બલ્બ પણ ગ્રામ પંચાયતથી નાંખી શકાય છે.!! (ઉલ્લેખનીય એ છે કે, ગ્રામ પંચાયતમાં વેરો ભરતા હોય તો તેમાંથી આ નાનકડું કામ તરત જ થઇ જાય). જે માટે વહેલી તકે ચાલુ કરવા માટે મહિપતસિંહ ચૌહાણનો આગ્રહ હતો. અને કોલ કોન્ફરન્સમાં લઈને મહિપતસિંહ, બોઈદરાનો જાગૃત નાગરિક અને તલાટીએ ભેગા મળીને સંકલન કર્યું હતું. જાગૃત નાગરિકે ગામના તલાટીને કહ્યું કે, અમારે ત્યાં ૨૩ લાઈટ બંધ છે. છતાં ચાલુ કરવામાં આવતી નથી. બલ્બ લગાડવામાં પણ વહીવટી તંત્રની લમણાઝીંક કરતાં આખરે મહિપતસિંહ ચૌહાણે સીધું તલાટીને કહી દીધું કે બલ્બના પૈસા ન હોય તો તમામ બલ્બના પૈસા હું આપી દઉં. એ વખતે તલાટીએ એમ કહ્યું કે, સારું તો બલ્બ જ આપજો. અને પૈસા ન આપતા. કારણ કે, એ ઠરાવમાં લેવો પડે. જે માટે મહિપતસિંહે કહ્યું કે, જરા પ્રેક્ટિકલ બનો અને લોકોની સમસ્યા માટે તરત જ નિકાલ કરવો પડે બેન..! તરત જ લાઈટો ચાલુ કરાવી દો. અને ગ્રામ પંચાયતમાં ઠરાવ ન કરતાં એવી તાકીદ કરી હતી. બોઈદરા ગામની સ્ટ્રીટ લાઈટના પ્રોબ્લેમ માટે છેક મધ્ય ગુજરાતના લવાલ ગામથી મહિપતસિંહે માત્ર એક જ કલાકમાં ૨૧ બલ્બ અને હોલ્ડર માટે રૂ.૧૮૯૦ ઓનલાઇન વોલેટમાં નાંખી દીધા. જેનાથી તરત જ સ્ટ્રીટ લાઈટ માટે બલ્બ અને હોલ્ડર લાવીને નાંખી દેતાં ફરીવાર અજવાળું થઇ ગયું હતું. જે કામ સરકારી તંત્રની નિષ્કાળજીને કારણે ગામમાં અંધારું ઉલેચવા માટે ખુદ પાણીદાર યુવા નેતા મહિપતસિંહ ચૌહાણને ખાલી ફોન કરતાં જ જાણે ૧૦૮ની તીવ્ર સ્પીડે જ લવાલથી બોઇદરામાં તાબડતોબ બલ્બ નાંખીને રોશની ઝગમગાટ કરી દેતાં ગ્રામજનોને રાહત થઈ હતી.



## મિતેશકુમાર પરમાર ગામમાં ચેરિટીનાં કામો સાથે સંકળાયેલા છે

બોઇદરા ગામના ૩૪ વર્ષના મિતેશકુમાર કનકસિંહ પરમાર સેવાકીય કામમાં તત્પર રહેતા હોય છે. MBA ભણેલા મિતેશ પરમાર માટે ગામમાં રક્તદાન, વૃક્ષારોપણ, પરિક્રમાવાસીઓને ઠેકાણું આપવા માટે તેઓના જય ભોલે ગ્રુપ દ્વારા આશ્રયસ્થાન સહિતનાં કામો માટે હરહંમેશ તૈયાર રહેતા હોય છે. મિતેશકુમાર પરમારે પ્રાથમિક શિક્ષણ માદરે વતન બોઇદરા, આસ્તા અને અડોલ ગામે લીધું હતું. માધ્યમિક શિક્ષણ અંકલેશ્વરની આદર્શ હાઈસ્કૂલમાં લઈને BBA નર્મદા કોલેજમાં અભ્યાસ કર્યો હતો. તો MBAનો અભ્યાસ સ્વામીનારાયણ ગુરુકુળ અંકલેશ્વર GIDCમાં લીધું હતું. અભ્યાસ પૂરો થયા બાદ અંકલેશ્વર ખાતે રિયલ એસ્ટેટમાં સેલ્સ ઓફિસર તરીકે નોકરી કરી. એ માટે આખા બોઇદરા ગામમાં સરકારનાં ઈ-શ્રમ કાર્ડ અપાવવાની અહમ ભૂમિકા નિભાવી હતી. બીમારીના ખપ્પરમાં લોકોને વધુ ખર્ચ ન થાય એ માટે લગભગ અડધા ગામને સરકારના ૧૦ લાખના ઈન્સ્યોરન્સવાળા તદ્દન મફત આયુષ્યમાન કાર્ડ કઢાવી અપાવવામાં આગળ રહ્યા હતા. સાથે જ બોઈદરા ગામની વિધવા બહેનોને ભૂતકાળમાં અનાજની કિટ આપીને આધાર બનવાની ભૂમિકા અદા કરી હતી. સાથે ગત દિવાળી સમયે ગામની ૧૧૮ વિધવા બહેનને થાળી, વાડકી, ડિશ અને મીઠાઈની ટોપલીનું વિતરણ કર્યું હતું. આ અગાઉના વર્ષમાં પણ ૧૦૮ વિધવા બહેનોને સાડીનું વિતરણ કરાયું હતું. પોતાના ગામમાં ૧૧૮ સભ્ય ધરાવતા જય ભોલે ગ્રુપે નીલકંઠેશ્વર મહાદેવના મંદિરે પરિક્રમાવાસીઓને આશ્રય આપવા માટે બે રૂમ અને ટોઇલેટ બાથરૂમ સાથે તૈયાર થઇ જશે. જો કે, તેઓએ પરિક્રમાવાસીઓ માટે હાલમાં ચા-પાણી, નાસ્તો અને બિસ્કિટની વ્યવસ્થા કરી હતી. જો કે, અગાઉ પણ ભોજનની વ્યવસ્થા કરી હતી. જો કે, આ પ્રવૃત્તિ હાલમાં શરૂ કરી છે. ગામમાં વૃક્ષારોપણ, રક્તદાન અને કોરોનાકાળમાં પણ ૬૨ બોટલનું રક્તદાન કરવામાં આવ્યું હતું. મિતેશકુમાર પરમાર કહે છે કે, ગામમાં સારું કામ થાય એ જરૂરી છે. એ માટે સેવાકીય કામો કરવા માટે અમે તત્પર રહીશું.














